ઉંબરીમાં આખલાનો આંતક : ૪ ઘાયલ, એકનો પગ ભાગ્યો

કાંકરેજ તાલુકાના ઉંબરી ગામે ગ્રામસભા હોવાથી લોકોનો ધસારો વધારે હતો અને અચાનક આખલો પી.એચ.સી.ની સામે આવતાં લોકોએ દોડધામ કરી મૂકી હતી. ૪ વ્યક્તિને જોતજોતામાં જ તેની સામે ધસી જઈને ભેંટો મારતો હતો. આમ કુલ ૫ વ્યક્તિને ઘાયલ કર્યા હતા અને ઉંબરી પી.એચ.સી.માં સારવાર આપી હતી. એક વ્યક્તિને પગમાં મોટું ફેક્ચર થતાં ૧૦૮ દ્વારા પાટણ ધારપુર મેડીકલ કોલેજ હોસ્પિટલમાં દાખલ કરાયો હતો. ત્યાં પાટણ મુલાકાત કરતાં આ વ્યક્તિ પંચાલ સોમાભાઈ ઉંબરી, તા. કાંકરેજને જમણા પગનું હાડકું ભાગીને બહાર નિકળી ગયું હતું. ધારપુર મેડીકલ ડૉક્ટરે પાટાપિંડી કરીને પાટણ દવાખાને ઓપરેશન કરાવવાના રીપોર્ટ માટે રવાના કર્યા હતા. ત્યાં સુધી ગામ લોકો ભેગા મળીને અંતે આખલાને રસ્સા વડે થાંભલે બાંધ્યો હતો અને લોકોએ રાહતનો દમ લીધો હતો. ગામ લોકો દ્વારા પોલીસ ચોકી, મામલતદાર કચેરી તેમજ ફોરેસ્ટરને જાણ કરતાં તેઓના અંડરમાં આ વાત નથી તેવું લોકોમાં ચર્ચાતું હતું. તો આવા આતંકી આખલાને પકડવા માટે જવાબદાર કોણ ? તેવું પણ જોવા મળેલ છે. (તસવીર : હેમુભા વાઘેલા)

જામળા ગામની હાઈસ્કૂલમાં તાળાબંધી : જિલ્લા શિક્ષણાધિકારીની નીતિ-રીતિ સામે વાલીઓનો આકોશ

હિંમતનગર, તા. ૨૮

સાબરકાંઠાના હિંમતનગરમાં આવેલ જામળા ગામે ગતરોજ ગામની હાઈસ્કૂલમાં ગણિત વિજ્ઞાન વિષયના શિક્ષકને ફાજલ કરવા મામલે વિદ્યાર્થીઓનું ભાવિ ધૂંધળુ બનતા વાલીઓએ જિલ્લા શિક્ષણાધિકારી સમક્ષ કરેલ રજૂઆત બાદ પણ કોઈ નક્કર પરિણામ ન આવતા રોષે ભરાયેલા લોકોએ હાઈસ્કૂલની તાળાબંધી કરી હતી. જામળા કેળવણી મંડળ સંચાલિત લીમ્બચીયા ડી. એન. હાઈસ્કૂલમાં ફાજલ શિક્ષક મામલે ભારે હોબાળો મચી જવા પામ્યો હતો. ગામના સરપંચ અને મંડળના પ્રમુખ વિરેન્દ્રસિંહ રાઠોડે આક્રોશ વ્યક્ત કર્યો હતો કે જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા સરેઆમ અન્યાય કરવામાં આવી રહ્યો છે. અગાઉ ફાજલ શિક્ષક મામલે શિક્ષણાધિકારીએ બે શિક્ષકને ફાજલ કરવા જણાવ્યું હતું કે જેને પગલે મંડળ દ્વારા હિન્દી અને ગણિત-વિજ્ઞાનના વિષય લેતા બે શિક્ષકોના નામ મોકલી આપ્યા હતા. ત્યારબાદ શિક્ષણાધિકારીએ મનસ્વી રીતે એક શિક્ષક ફાજલ કરવાનો નિર્ણય લેતા મંડળના પ્રમુખ અને વાલીમંડળ દ્વારા ગણિત-વિજ્ઞાનના શિક્ષકને ફાજલ ન કરવા રજૂઆત કરી હતી અને હિન્દીના શિક્ષકને ફાજલ કરવા ભલામણ કરી હતી પરંતુ જિલ્લા શિક્ષણાધિકારીએ બાળકોના ભાવિને અંધકારભર્યુ કરવાનું બીડું ઝડપ્યું હોય તેમ ગણિત વિજ્ઞાનના શિક્ષકને જ ફાજલ કર્યા છે. જેને પગલે ધોરણ-૯ અને ૧૦માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે સમસ્યા સર્જાય છે. રોષે ભરાયેલા વાલીઓએ ન્યાય ન મળે અને ગણિત વિજ્ઞાન વિષયના શિક્ષકની નિમણુંક ન થાય ત્યાં સુધી હાઈસ્કૂલને બંધ રાખવાનો નિર્ણય કરી ગત રોજ શાળાની તાળાબંધી વાલીઓએ કરી હતી.

શાળા પ્રવેશોત્સવ નિમિત્તે હિંમતનગર ખાતે ગૃહ રાજ્ય મંત્રી પ્રફુલભાઈ પટેલના હસ્તે વણઝારા વાસ પ્રાથમિક શાળામાં ૨૬ બાળકો મોતીપુરા પ્રાથમિક શાળા ખાતે ૩૨ અને મહેતાપુરા ખાતે ૪૦ બાળકોને નામાંકન કરી પ્રવેશ આપવામાં આવ્યો હતો. આ પ્રસંગે જિલ્લા ભાજપ પ્રમુખ જે. ડી. પટેલ, નગરપાલિકા પ્રમુખ પલ્લવીબેન ગાંધી, શહેર પ્રમુખ જે. પી. શાહ, ન. પા. ઉપપ્રમુખ શંકરભાઈ કહાર, મહામંત્રી બિપીન ઓઝા, નગરપાલિકાના ચેરમેનશ્રી સદસ્યોશ્રીઓ, મામલતદાર રિંકેશ પટેલ, ચીફ ઓફિસર સુરેશ શેઠ અને શાળાના આચાર્યો શિક્ષકો વાલીઓ, શહેરીજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : મગનજી વણઝારા)

વીરપુર ગામની સીમમાં ૨૭ લાખનો દારૂનો જથ્થો નાશ કરાયો

હિંમતનગર, તા. ૨૮

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના વીરપુર ગામ નજીક ગુરૂવારના રોજ સવારે ઈડર પોલીસમથકના ચાર ગુનામાં પકડાયેલા ૨૭ લાખના જથ્થાનો વિદેશી દારૂ પ્રાંત અધિકારીની હાજરીમાં નાશ કરવામાં આવ્યો હતો.

વિગત મુજબ ઈડર પોલીસમથકમાં વર્ષ - ૨૦૧૧-૧૨માં ચાર ગુનામાં પકડાયેલા વિદેશી દારૂની ૨૦ હજાર ૪૮૬ બોટલ કિંમત રૂ. ૨૭ લાખ ૬૦ હજારનો વિવિધ બ્રાંડનો જથ્થો ગુરૂવારના રોજ સવારે ૧૧ વાગે હિંમતનગર તાલુકાના વીરપુર ગામની સીમમાં નાશ કરવાની કામગીરી ઈડર પ્રાંત અધિકારી ડી.એમ. પરમાર, નાયબ પોલીસ અધિક્ષક એ.ડી. ચૌધરી અને નશાબંધી આબકારી અધિક્ષક - પી.એમ. જાની હાજરીમાં શરૂ કરવામાં આવી હતી. બપોરે ૩ વાગે તમામ જથ્થો નાશ કરી દેવામાં આવ્યો હતો.

ધનસુરામાં સ્ટેમ્પ વેન્ડરની જરૂરિયાત

ધનસુરા, તા. ૨૮

ધનસુરા તાલુકો બન્યા પછી મોટા ભાગની સરકારી કચેરીઓ કાર્યરત થઈ છે. કોર્ટ પણ શરૂ થઈ છે. સબ ટ્રેઝરી ઓફિસ અને સ્ટેમ્પ વેન્ડર માટે ધનસુરામાં ખૂબ જરૂરિયાત ઊભા થાય છે. લોકો પરેશાન થાય છે. તો સ્ટેમ્પ વેન્ડરનું લાયસન્સ કોઈ સ્થાનિક આપવાની જરૂર છે. જેવી દસ્તાવેજોમાં સરળતા રહે. તેમ ધનસુરાવાસીઓ ઈચ્છી રહ્યા છે.

ધનસુરા તાલુકામાં ગૌચરોમાં દબાણ તલાટીએ વાવેતર કર્યું

ધનસુરા, તા. ૨૮

ધનસુરા તાલુકામાં મોટાભાગના ગામોમાં ગૌચરોમાં દબાણો થયેલ છે. પરિણામે પશુઓ માટે ચારાની પરિસ્થિતિ વિકટ થઈ છે. એક ગામમાં તલાટીએ ગૌચરમાં વાવેતર કર્યું છે તો જરૂરી તપાસ થવી જરૂરી છે.

ધનસુરામાં જગતનો તાત ચિંતાતુર છે

ધનસુરા, તા. ૨૮

ગુજરાતમાં ચોમાસું નબળું રહેવાની આગાહીથી સાબરકાંઠા જિલ્લાના ખેડૂતોની સ્થિતિ વિકટ બનવાનો ભય છે. બબ્બે ચોમાસા નિષ્ફળ ગયા પછી આ વર્ષે ચોમાસું નિષ્ફળ જશે તો લોકોને જીવવું ભારે બની જશે ખેડૂતો દેવાદાર બની જશે. ધનસુરાના અગ્રણી ખેડૂત કોદરભાઈ પટેલ જણાવે છે કે ખેતીએ ફજેતી છે. ખેતમજૂરો મળતા નથી. મજુરો એડવાન્સ લઈ ભાગી જાય છે. ધનસુરા તાલુકામાં ૮૦ ટકા જમીન સિંચાઈ વિહિન છે. જો સમયસરસ વરસાદ નહિ થાય તો મુંગા પશુઓ માટે ઘાસચારાની પરિસ્થિતિ કઠીન બનશે. ઘાસનાં પૂળાના રૂા. ૧૦ ભાવ છે. વરસાદ ખેંચાતાં ખેડૂતો ચાતકની જેમ આકાશ તરફ મીટ માંડી છે.

ધનસુરાનાં કંજરી કંપામાં બે લાખની ચોરી

ધનસુરા, તા. ૨૮

ધનસુરા તાલુકાના કંજરીકંપામાં તસ્કર ટોળકીએ દૂધ વેચી ઘર ચલાવતા હરેશભાઈ કિશોરભાઈ પટેલના ઘરે ચોરી થયેલ છે. ગરમીમાં બહાર સૂતા હતા ત્યારે તાળુ તોડી ઘરમાં પ્રવેશ કરીને આખી તિજોરી ઉઠાવીને લઈ ગયા હતા. તે તોડીને ૩૫ હજાર રોકડા, ૪ તોલા સોનાના દાગીના, ૧૫ ચાંદીના સિક્કા સહિત રૂા. ૨ લાખની ચોરી થયેલ છે. વિશેષમાં બાજુમાં બાંધેલી ૪ ભેંસો છોડીને લઈ ગયા, પોલીસ ફરિયાદ થતાં પોલીસે શોધખોળની કાર્યવાહી શરૂ કરી છે. ચોરોએ ચોરી કરતાં કરતાં ઘરમાં પડેલાં લાડુ પણ આરોગી ગયા હતા. આ ચોરી થવાથી ધનસુરા પંથકમાં ભયને રોષની લાગણી વ્યાપી છે.

વિજયનગરના બાલેટા ગામની સીમમાં નવ લાખના સોના ચાંદીના દાગીનાની લૂંટ

ઘઉંની બોરી રસ્તામાં પાથરી રસ્તો રોક્યો

હિંમતનગર, તા.૨૮

સાબરકાંઠા જિલ્લાના વિજયનગરના સોના ચાંદીના વેપારીને બાલેટા ગામ નજીક રસ્તો આંતરી કારમાંથી રૂ. ૯ લાખની લૂંટ કરાતા વિજયનગર પોલીસ મથકે ગુન્હો દાખલ કરાયો હતો.

પ્રાપ્ત વિગતો અનુસાર વિજયનગર તાલુકાના ચિતરીયા ગામના ઈશ્વરભાઈ ચૂનીભાઈ પંચાલ વિજયનગરમાં પોલીસ સ્ટેશનની સામે પોતાની દુકાનમાં આગળની બાજુએ આભુષણ જવેલર્સની દુકાન અને પાછળની બાજુએ સાડીની દુકાન ધરાવે છે. જેઓ દરરોજ સવારે આઠથી નવ વાગે પોતાના ઘરેથી પોતાના બે પુત્ર સિધ્ધાંત અને ડાહ્યાભાઈ સાથે વિજયનગર આવે છે અને સાંજના સાડા છ એક વાગ્યાના સુમારે વિજયનગરથી આઠ એક કિલોમીટર દુર પોતાના ગામ ચિતરીયા પરત ફરતા હતા તેજ રીતે રાબેતા મુજબ ગઈ તા. ૨૭-૬-૨૦૧૨ના રોજ સાંજના સાડા છ એક વાગ્યાના સુમારે ઈશ્વરભાઈ અને તેમના બે પુત્રો સિધ્ધાંત અને ડાહ્યાભાઈ સાથે દુકાનના સોના ચાંદીની ભરેલ બે થેલીઓ પોતાની મારૂતી અલ્ટો કાર નંબર જીજે.૯.એજી. ૩૯૮૧માં લઈ પોતાના ઘરે ચિતરીયા જઈ રહ્યા હતા તે સમય દરમિયાન રસ્તામાં બાલેટા ગામની સીમમાં હનુમાનજી મંદિર પાસે આવેલ વળાંકમાં ગરનાળા આગળ એક બાઈક ઉભું હતું અને રસ્તા વચ્ચે બે ઈસમો રસ્તાની વચ્ચે પથરાયેલ ઘઉં વીણી રહ્યા હતા જેથી ઈશ્વરભાઈની ગાડી રસ્તા ઉપરથી પસાર થઈ શકે તેમ ન હતી જેથી ઈશ્વરભાઈ પોતાની કારમાંથી ઉતરી તેમની મદદે લાગ્યા હતા તે સમય દરમિયાન એક ઈસમ કાળા કલરની પલ્સર લઈ ત્યાં આવી ચઢયો હતો અને એન્ય એક ઈસમ બાજુમાંના ગરનાળામાંથી બહાર રોડ ઉપર આવી જઈ કારની અંદર બેઠેલા સિધ્ધાંત અને ડાહ્યાભાઈની આંખમાં મરચું નાખી ઝપાઝપી કરી કારની ડીકીમાંથી સોના ચાંદીના દાગીના ભરેલ થેલા લઈ ફરાર થઈ ગયા હતા. ઈશ્વરભાઈએ પોલીસને જાણ કરતા વિજનયગર પી.એસ.આઈ. એમ.સી. વાળા તથા એસ.એન. ગોહીલ ઘટના સ્થળે આવી પહોંચ્યા હતા. અને નિરીક્ષણ કર્યા બાદ લૂંટારૂંઓની ભાળ મેળવવા પ્રયાસો આદર્યા હતા. પોલીસ સુત્રો દ્વારા મળતી માહિતી અનુસાર તપાસ ટીમ રાજસ્થાન પહોંચી છે ઈશ્વરભાઈની ફરિયાદને પગલે પોલીસે ચાર અજાણ્યા ઈસમો વિરૂધ્ધ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ચાર લૂંટારૂઓ પૈકી ત્રણ જણાએ સમગ્ર લૂંટ દરમિયાન હેલેમેટ પહેરી ચહેરા ઢાંકી રાખ્યા હોવાનું ફરિયાદ દ્વારા જાણવા મળી રહ્યું છે.

પાંથાવાડા ગુંદરી ચેક પોસ્ટ પર કન્ટેનરમાંથી ૪૧૭ પેટી વિદેશી દારૂ ઝડપાયો

પાંથાવાડા, તા. ૨૮

બનાસકાંઠાના પાંથાવાડા ગુંદરી ચેકપોસ્ટ પાસે આજે બાતમીના આધારે એક કન્ટેનર ટ્રકમાંથી ૪૧૭ વિદેશી દારૂની પેટી સહિત કુલ ૩૦,૫૭,૯૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો અને બે ઈસમોની અટકાયત કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર બનાસકાંઠા જિલ્લા પોલીસ વડા અશોકકુમાર યાદવને આજે ખાનગી રાહે બાતમી મળી હતી કે પાંથાવાડા ગુંદરી ચેક પોસ્ટ પાસેથી મોટા પ્રમાણમાં એક કન્ટેનર દ્વારા વિદેશી દારૂનો જથ્થો ગુજરાતમાં આવી રહ્યો છે. જે બાતમીના આધારે જિલ્લા પોલીસ વડાએ પી.એસ.આઈ. પી.એ. રાવલને સ્ટાફના માણસો સાથે ગુંદરી ચેકપોસ્ટ પર વોચ ગોઠવવા જણાવ્યું હતું. દરમિયાન પોલીસકર્મીઓ સિવિલ ડ્રેસમાં વોચ ગોઠવી રહ્યા હતા ત્યારે રાજસ્થાન તરફથી આવેલ કન્ટેનર નં. એચ.આર.૩૮-૫૪૬૦ પર શંકા જતા પોલીસે તેને અટકાવી હતી અને ટેન્કરના ચાલક અને કંડક્ટરની પૂછપરછ કરતાં બન્ને પોતાનું મો ખોલ્યું હતું અને તમામ હકિકત પોલીસને જણાવી હતી. આથી પોલીસે કન્ટેનરની અંદર તપાસ કરતા કુલ ૪૧૭ વિદેશી દારૂની પેટી મળી આવતા પોલીસ ખૂદ ચોંકી ઉઠી હતી. પોલીસે આ મામલે બે ઈસમોની ધરપકડ કરી કિં. રૂ. ૧૫,૫૬,૪૦૦નો વિદેશી દારૂ, કિં. રૂ. ૧૫૦૦નો મોબાઈલ તથા કિં.રૂ. ૧૫ લાખની કન્ટેનર મળી કુલ ૩૦,૫૭,૯૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. પોલીસે બે ઈસમોની પ્રાથમિક પુછપરછ આ બન્ને મૂળ બિહારના અને હાલ હરિયાણાના ફરીદાબાદમાં રહેતા રાકેશસિંહ ઈશ્વરસિંહ રાજપૂત તથા સુનીલકુમાર રાજેન્દ્રપ્રસાદ મોદીના નામ જાણવા મળ્યા હતા અને બન્ને ફરીદાબાદના બીટુ શેઠનો માલ લઈ ગુજરાતમાં ડીલેવરી આપવા આવ્યા હતા. જેને પગલે પોલીસે હાલ વધુ તપાસ હાથ ધરી છે.

ડીસા શહેરી વિસ્તારની શાળાઓમાં શાળા પ્રવેશોત્સવ યોજાયો

ડીસા, તા. ૨૮

રાજ્ય સરકારના કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ અંતર્ગત ગુરૂવારે ડીસા શહેરી વિસ્તારની શાળાઓમાં બાળકોને પ્રવેશ આપવાના ત્રિદિવસીય કાર્યક્રમના પ્રથમ દિને

રાજ્યકક્ષાના શ્રમ અને રોજગાર મંત્રી લીલાધરભાઈ વાઘેલાની ઉપસ્થિતિમાં ૨૫૦ ઉપરાંત બાળકોને પ્રવેશ આપવામાં આવ્યો હતો.

રાજ્ય સરકાર દ્વારા કન્યા કેળવણી અને શિક્ષણનું સ્તર ઉંચુ લાવવા માટે છેલ્લા પાંચેક વર્ષથી કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવ મહોત્સવ ઉજવવામાં આવે છે. તાજેતરમાં જ ગ્રામ્ય કક્ષાએ ત્રિદિવસીય શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાયા બાદ ગુરૂવારથી શહેરી વિસ્તારની શાળાઓમાં પ્રવેશ આપવા માટે ત્રિદિવસીય કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવના પ્રથમ દિને શહેરની રેલવે સ્ટેશન, ભોપાનગર, ગવાડી, રાજપુર-૧ અને રાજપુર-૨ની પ્રાથમિક શાળામાં રાજ્યકક્ષાના શ્રમ અને રોજગાર મંત્રી લીલાધરભાઈ વાઘેલાના હસ્તે સ્કૂલ બેગ તેમજ કીટ આપી કુમકુમ તિલક કરી શાળામાં પ્રવેશ આપવામાં આવ્યો હતો. તાલુકા વિકાસ અધિકારી સી.પી. ડગલા, તાલુકા કેળવણી નિરીક્ષક અશ્વિનભાઈ પટેલ, બી.આર.સી. કો.ઓ. પ્રવિણભાઈ સાધુ સહિત પદાધિકારીઓ અને અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ડીસા શહેરમાં પ્રવેશોત્સવનો શુભારંભ થયો છે ત્યારે શહેરના ગવાડી પ્રા. શાળા, ભોપાનગર પ્રા. શાળા અને રેલવે સ્ટેશન પ્રા. શાળા અને રાજપુર પ્રા. શાળામાં મંત્રી લીલાધર વાઘેલાની અધ્યક્ષસ્થાને બાળકોને કુમકુમ તિલક કરી પ્રવેશ આપવામાં આવ્યો હતો. બાળકોને ચોકલેટ બિસ્કીટ તેમજ પાટીપેનનું વિતરણ કરવામાં આવ્યું હતું રાજપુર પ્રા. શાળામાં ધો. ૧ માં પ્રવેશ પામેલ બાળકોને રમેશભાઈ બાબુલાલ લોધાએ ખુરશીઓ આપી પ્રોત્સાહિત કરાયા હતાં. જ્યારે રેલવે સ્ટેશન પ્રાથમિક શાળાના પ્રવેશ પામેલ બાળકોને જયંતિભાઈ મકવાણાએ તિથિભોજન આપ્યું હતું. રાજપુર પ્રા. શાળા ખાતે ભણી ગયેલા શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ કે જે હાલમાં કોલેજ કરે છે. તેમને પણ પ્રોત્સાહિત રૂપે ઈનામ આપવામાં આવ્યા હતા.

ટુંકી મુદતની જાહેર નિવિદા નં.-૩ ૨૦૧૨-૨૦૧૩

(ફક્ત વિદ્યુત ઈજારદારશ્રીઓ માટે)

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના વિદ્યુત પેટા વિભાગ નં. ૨૩, પાટનગર યોજના ભવન, ત્રીજો માળ, સેક્ટર-૧૬, ગાંધીનગર દ્વારા વીજળીકરણને લગતા કામની અંદાજીત કિંમત રૂ. ૨,૯૯,૯૬૫ સુધીની છે. યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ વિદ્યુત ઠેકેદારશ્રીઓ પાસેથી ટેન્ડરો માંગવામાં આવે છે. કોરા ટેન્ડરો આપવાની છેલ્લી તા. ૨૯-૬-૨૦૧૨ છે. અને પરત મેળવવાની છેલ્લી તા. : ૩-૭-૨૦૧૨ છે. આ કામની વિગતવાર નોટીસ કચેરીના નોટિસ બોર્ડ ઉપર મૂકવામાં આવેલ છે. આ નોટિસ અંગેની વધુ માહિતી માટે ઉપરોક્ત કચેરીનો જાહેર રજા સિવાયના દિવસોમાં રસ ધરાવતા ઈજારદારે રૂબરૂ સંપર્ક સાધવા વિનંતી છે. માહિતી/૭૨૫/૧૨-૧૩

ગાંધીનગર સમાચાર

બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ચ-માર્ગ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧
Email : jay_choly@yahoo.com • gandhinagarsamachar@yahoo.com

સાબરકાંઠા, મહેસાણા, પાટણ અને બનાસકાંઠા જિલ્લા સહિત તમામ તાલુકાના વાસીઓ તેમની પ્રેસનોટ તથા જાહેરખબર આપવા અમારા પ્રતિનિધિનો સંપર્ક કરે.

સાબરકાંઠા જિલ્લામાં

મગનજી વણઝારા	(બ્યૂરો ચીફ, સા.કાં. હિંમતનગર)	૯૯૨૫૦૪૪૭૪૩ ૯૩૭૪૮૪૪૭૧૬
સમીર બલોચ	સાબરકાંઠા જિલ્લા ફોટોગ્રાફર	૯૯૨૪૩૩૩૪૩
દશરથ વણઝારા	તલોદ	૯૬૩૮૧૮૮૭૯૬
જનક રાવલ	વડાલી	૯૯૨૫૭૯૯૭૦૩
કાળુસિંહ રાઠોડ	સલાલ	૯૪૨૭૯૦૯૦૩૧
જીતેન્દ્ર એલ. પટેલ	ધનસુરા	૯૪૨૭૩૬૮૫૦૩
પ્રકાશ ગઢવી	ઈડર	૯૪૨૯૪૫૭૬૧૭
રમેશભાઈ વૈષ્ણવ	ખેડબ્રહ્મા	૯૪૨૬૨૫૯૩૬૦
જયદેવભાઈ બારોટ	ખેડબ્રહ્મા	૯૪૨૮૮૩૦૩૩૮
સંજય રાવલ	પ્રાંતિજ	૯૮૨૫૮૩૮૫૬૯
કોદરસિંહ રાઠોડ	તાજપુર કેમ્પ	૯૯૯૮૮૨૮૧૯૩
મયુર ધ્વજસિંહ વાઘેલા	માણસા	૯૮૭૯૦૯૯૯૩૩
વિઠ્ઠલભાઈ સુથાર	લક્ષ્મીપુરા	૯૪૦૮૧૨૫૧૧૫

મહેસાણા - બનાસકાંઠા જિલ્લામાં

ગણપતભાઈ જોષી	પાલનપુર (બ્યૂરો ચીફ,બ.કાં.)	૯૩૭૫૦૭૬૦૬૧
મહેશભાઈ બારોટ	મહેસાણા/ઊંઝા (બ્યૂરો ચીફ)	૯૯૭૯૪૦૨૫૩૩
હરેશ જોષી	પાલનપુર	૮૦૦૦૯૧૧૬૧૬
કાંતિલાલ લોધા	ડીસા	૯૮૭૯૦૧૦૦૪૭
જેણુભા વાઘેલા	પાટણ	૯૯૯૮૨૧૦૪૩૬

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર | કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ

સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ

Nirmala Tyres

Authorised DEALER : CEAT, APOLLO TYRES

CEAT TYRES | APOLLO TYRES

ઉપલબ્ધ સેવાઓ :
- ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
- ટ્યૂબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
- હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
- મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.

રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે

એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.

૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૬૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એકવાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

asian TILES WORLD | Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર

મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧